NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

## પરિપત્ર

**Bank Reconciliation Statementની ખરાઈ કરાવી બીલો રજુ કરવા બાબત.**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કચેરી વડાશ્રીઓ તેમજ નાણાં ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીની તમામ કચેરીઓ હસ્તકના તમામ પ્રકારનાં કાર્યરત બેન્ક ખાતાનાં હિસાબોનું દર માસે બેન્ક મેળવણું કરી, તેનું **Bank Reconciliation Statement** અત્રેની કચેરી ને રજુ કરવાનું થાય છે. જે ન કરવાથી હિસાબોમાં થયેલી ભૂલો ધ્યાને આવતી નથી. જેના કારણે બિનજરૂરી ઓડીટ પ્રશ્નો ઉપસ્થિત થવાની શક્યતાઓ રહે છે. જેના નિરાકરણ માટે તમામ કચેરીનાં નાણાં ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓએ તેમની કચેરી હસ્તકના તમામ પ્રકારનાં કાર્યરત બેન્ક ખાતાના હિસાબોનું બેન્ક મેળવણું કરી **Bank Reconciliation Statement** અત્રેની કચેરીને ઈ-મેઈલ દ્વારા Softcopy સ્વરૂપે રજુ કરવા જણાવવામાં આવેલ છે.

વધુમાં, **નાણાંકિય વર્ષ ૨૦૨૩-૨૪ પૂર્ણ થયેલ છે.** જેના હિસાબોનું મેળવણું કરવું ખુબજ અગત્યનું હોય, તમામ કચેરીએ તેમના હસ્તકના તમામ બેન્ક ખાતાઓનું **માહે માર્ચ-૨૦૨૪** **નું Bank Reconciliation Statement ની એક નકલ (હાર્ડ કોપીમાં) કંટ્રોલ શાખા પાસે ખરાઈ કરાવી નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં પ્રથમ બીલ (*નીચે દર્શાવવામાં આવેલ બીલો સિવાયનું*)** તિજોરી શાખાને પાર્સીંગ અર્થે રજુ કરવામાં આવે ત્યારે ખરાઈ કરાવેલ **Bank Reconciliation Statement ની નકલ અવશ્યપણે રજૂ કરવાની રહેશે.** જે કચેરીનાં **Bank Reconciliation Statement** બીલો સાથે રજૂ ન કરવામાં આવશે, તે કચેરીનાં ***નીચે દર્શાવવામાં આવેલ બીલો સિવાયના અન્ય કોઈપણ બીલો પાસ કરવામાં આવશે નહીં,*** જેની સર્વેએ **ગંભીરતાથી** નોંધ લેવી.

**[લાઈટ બીલ, ટેલિફોન બીલ, પગાર ભથ્થા બીલ, ફ્યુઅલ ખર્ચના બીલો, મસ્ટર બીલ, વેરા બીલ અને કાયમી પેશગી બીલ તેમજ આકસ્મિક અગત્યના બીલો]**

**જા.નં. નકૃયુ/હિનિ/ કંટ્રોલ/૧૨૭૪/૨૦૨૪**
**નવસારી, તા. ૦૧/૦૪/૨૦૨૪.**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):-**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
**(૩)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૪)** અત્રેની યુનિવર્સિટીના માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):-**

અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.